# The Sunlit Path



## 15 August, 2012

Sri Aurobindo Chair of Integral Studies
Sardar Patel University
Vallabh Vidyanagar
Gujarat
India

Vol. 4 Issue 35

# Contents




| | | Page No. |
|---|---|---|
| •Editorial | | 3 |
| • Living Words: | | |
| **India Cannot Perish** | **Sri Aurobindo** | **4** |
| • Integral Education | | |
| **Integral Knowledge** | **Sri Aurobindo** | **5** |
| • Integral Life, Integral Action | | |
| **ભારતના યુવાનોને સાદ** | **શ્રી અરવિન્દ** | **6** |
| **જ્યાં મન ભયથી રહિત છે** | **શ્રી રવિન્દ્રનાથ ટાગોર** | **11** |
| **Isha Upanishad** | | **12** |
| **Acknowledgements** | | **13** |
| • Supplement : | | |
| **ભારતને શ્રી અરવિન્દનો સંદેશ :૧૫ ઓગસ્ટ, ૧૯૪૭** | | |

## Editorial

***Dear Friends,***

*I am indeed very happy to bring to you 15th August, 2012 issue of The Sunlit Path.*

*Political independence we have got, but what about cultural and spiritual independence? What about planning and implementing our own agenda for education? The immense necessity and importance of such a step was envisioned by Sri Aurobindo long before the political battle was won for the country. His writings, which are, as a matter of fact, even more relevant today , bring home the justification, basis and the detailed plan of execution of an exemplary agenda for integral upliftment of the country and the world .*

*The compilations in the present issue of The Sunlit Path contain some of the quintessential aspects of Sri Aurobindo's Message for all of us.*

**The issue also contains a supplement which brings Sri Aurobindo's Message to the nation given on 15th August, 1947.In the words of The Mother,'* ***India needs the conviction and faith of Sri Aurobindo'.***

*My Greetings to you on the occasion of 15th August, the independence day of India, which so happily coincides with Sri Aurobindo's birthday !*

*With Deep Regards,*


*15 August, 2012* *Dr. Bhalendu Vaishnav*

**Living Words**

# India Cannot Perish

## Sri Aurobindo

India cannot perish, our race cannot become extinct,....Because among all the divisions of mankind it is to India that is reserved the highest and the most splendid destiny, the most essential to the future of the human race. It is *she* who must send forth from herself the future religion of the entire world, the Eternal religion which is to harmonise all religion, science and philosophies and make mankind one soul. (1)



IntegralEducation

# Integral Knowledge

## Sri Aurobindo

An integral knowledge presupposes an integral Reality...

... An integral knowledge then must be a knowledge of the truth of all sides of existence both separately and in the relation of each to all and the relation of all to the truth of the Spirit.

Our present state is an Ignorance and a many-sided seeking; it seeks for the truth of all things but,—as is evident from the insistence and the variety of the human mind's speculations as to the fundamental Truth which explains all others, the Reality at the basis of all things,—the fundamental truth of things, their basic reality must be found in some at once fundamental and universal Real;

it is that which, once discovered, must embrace and explain all,—for "**That being known all will be known**":the fundamental Real must necessarily be and contain the truth of all existence, the truth of the individual, the truth of the universe, the truth of all that is beyond the universe.

The Mind,in seeking for such a Reality and testing each thing from Matter upwards to see if that might not be It, has not proceeded on a wrong intuition.

All that is necessary is to carry the inquiry to its end and test the highest and ultimate levels of experience. (2)

# ભારતના યુવાનોને સાદ

## શ્રી અરવિન્દ

### ભારતનો કેન્દ્રવર્તી આદર્શ કયો છે ?
### જગતને ભારતની વિશિષ્ટ ભેટ કઈ છે?
### ભવિષ્યમાં ભારતને જગતમાં કયો વિશિષ્ટ ભાગ ભજવવાનો છે ?

શાશ્વત પરમ તત્ત્વની પ્રાપ્તિ એ ભારતનો કેન્દ્રવર્તી આદર્શ છે. એ શાશ્વત મહાન આત્મા, સ્વયં પરમાત્મા અહીં સ્થૂલ જડ તત્ત્વના બંધનમાં પડેલો છે, તેમાં તે ઓતપ્રોત વ્યાપી રહ્યો છે અને વ્યકિતના પુનર્જન્મ દ્વારા ભૌતિક સ્તર ઉપર ઉર્ધ્વ તરફ જતી શ્રેણીમાં વિકાસ પામી રહ્યો છે.

વિકાસની તે સીડી ઉત્ક્રાંત પામી મનોમય પુરુષ (માનવ) સુધી આવી પહોંચી છે અને ત્યાં તે ભવ્ય વિચારો અને આદર્શોના જગતમાં પ્રવેશી રહ્યો છે અને સભાન નીતિમત્તાના અને ધર્મના સ્વરૂપમાં વિકાસ સાધી રહ્યો છે. આ અનોખી સિદ્ધિ, ભૌતિક જડતત્ત્વ ઉપરનો આત્માનો આ વિજય પોતાના વિકાસની રેખાઓને વિકસાવે છે અને તેની મર્યાદાઓનો વિસ્તાર કરે છે અને માનવ મનમાં સાત્ત્વિક, આધ્યાત્મિક ભાવનો આવિર્ભાવ કરે છે… આ શુદ્ધ આધ્યાત્મિક ચેતના માનવના મનથી પર આવેલી છે.

ભારત દેશની સામાજિક વ્યવસ્થા આ કેન્દ્રવર્તી વિચાર પર ગોઠવાયેલી છે.તેના તત્ત્વજ્ઞાનમાં તેનું સચોટ નિરૂપણ કરવામાં આવ્યું છે, તેના ધર્મમાં તે શુદ્ધ આધ્યાત્મિક ચેતનાની પ્રાપ્તિ અને તેનાં ફળો માટે અભીપ્સા સેવે છે.

તેની કલા અને સાહિત્યમાં આ જ ઊર્ધ્વમુખી અભીપ્સા પડેલી છે. તેનો સમગ્ર ધર્મ અને જીવનનો નિયમ તેના પર પ્રસ્થાપિત થયેલો છે.

પ્રગતિને તે આવકારે છે પણ તે પ્રગતિ આધ્યાત્મિક હોય છે, બાહ્ય રીતે પોતાના ‘‘સ્વ’’નો સમૃદ્ધ વિકાસ સાધવો અને આશ્ચર્યભરી ભૌતિક સભ્યતા પ્રાપ્ત કરવી અને ભૌતિક રીતે જીવન વ્યવહારનો ઊંડો વિકાસ સાધવો તેને ભારતીય આદર્શ ‘પ્રગતિ’ કહેતો નથી.

ભારત દેશનું જીવન આ ઉચ્ચ આદર્શ પર સ્થાપિત થયેલું છે તેને આધ્યાત્મિક જીવન અને શાશ્વત તત્ત્વ–પરમાત્મા તરફ બારે આકર્ષણ અને ઊંડી અભીપ્સા છે. આ જ આદર્શશીલ તત્ત્વો તેની સંસ્કૃતિને વિશિષ્ટ મૂલ્ય અર્પે છે.

અને ગમે તેટલી માનવમનની નિર્બળતા કે મર્યાદાઓ હોવા છતાં તે તેને વફાદાર રહે છે.

આ સર્વોચ્ચ આદર્શે ભારતને તેમજ તેની પ્રજાને માનવ જગતમાં એક વિશિષ્ટ સ્થાન અપાવ્યું છે.

******

# ભારતીય મનની વિશિષ્ટતા

ભારતીય વિચારધારાની એક વિશિષ્ટતા એ છે કે તે હંમેશાં જગતના વિવિધ વ્યક્તિ સ્વરૂપો, અને જગતમાં કાર્ય કરતાં વિવિધ બળો અને શક્તિઓ અને જગતની દરેક જગ્યાએ તે મહાન પરમાત્માની શોધ કરે છે. ભારતીય જીવનની એક અનોખી વિશિષ્ટતા એ છે કે જ્યાં સુધી તેને આ પરમાત્માની પ્રાપ્તિ થતી નથી અને આત્માના સત્યમાં જીવન જીવાતું નથી ત્યાં સુધી તેને પોતે અપૂર્ણ છે એવું લાગ્યા કરે છે, **તેને બીજા કોઈ વચગાળાના આદર્શથી કાયમી સંતોષ થતો નથી.**

**ભારતનો જગત વિશેનો તેમજ કુદરત અને અસ્તિત્વ માત્ર વિશેનો વિચાર**
**સ્થૂલ કે ભૌતિક નથી,પરંતુ મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક છે.**

આત્મા, પરમાત્મા અને જીવાત્માની ચેતના જડ તત્ત્વ કરતાં મહત્તર છે એટલું જ નહિ, પરંતુ તે સઘળી સામાન્ય વસ્તુઓને ઉત્પન્ન  પણ કરે છે, અને પહેલેથી જ બ્રહ્માંડમાં આવી વસેલી છે. બધી જ શકિત અને સત્તા આ ગુપ્ત આત્માનાં સાધનો છે. જે શક્તિ આ જગતને ટકાવી રાખે છે તે શક્તિ આ સચેતન આત્માની સંકલ્પશક્તિ છે અને કુદરત અને તેની શક્તિ તેનો અમલ કરનારી એક યંત્રરચના માત્ર છે. જડતત્ત્વ એ આત્માનો-ચેતનાનો સ્થૂલ દેહ છે અને તેમાં ચેતન તત્ત્વ છુપાયેલું પડેલું છે. આ સઘળુ ભૌતિક વિશ્વ એ આ મહા આત્માનું સ્વરૂપ છે અને ગતિ પણ છે.

માનવ સ્વયં કોઈ જડતત્ત્વ દ્વારા સર્જાયેલ પ્રાણ કે મન નથી  અને શાશ્વત કાળ માટે તે જડ પ્રકૃતિને આધીન રહેવાને સર્જાયેલો નથી, પરંતુ અજ્ઞાત આત્મા જ તે પ્રાણ અને શરીરનો ઉપયોગ કરે છે.સમગ્ર ચૈતન્યમય અસ્તિત્વ વિશેના આદર્શમાં સમજણપૂર્વકની ઊંડી શ્રદ્ધા અને તેને જીવનમાં જીવી જાણવાનો પ્રયત્ન,આ મહાન આદર્શને પ્રાપ્ત કરવાનો સતત અભ્યાસઅને તે માટેનું પદ્ધતિસરનું વિજ્ઞાન,અને અંતે જડ તત્ત્વ અને પ્રાણ તત્ત્વમાં જકડાયેલું આપણું મન પોતાની જાતને ઓળંગી જઈને મહાન આધ્યાત્મિક ચેતનામાં લય પામવાની અભીપ્સા સેવે એ જ  છ ભારતીય સંસ્કૃતિનું અંતરતમ તત્ત્વ અને સાર.

******

# આપણો આદર્શ : 'યોગસ્થ કુરુ કર્માણિ'

જગતમાં જે મહાન અને ઉચ્ચ પરિવર્તન શરૂ થયું છે તેને પરિપૂર્ણ કરવા આપણે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો અને

તેને માટેનો માર્ગ તૈયાર કરવો તે આપણું કર્તવ્ય છે.પોતાના આત્મામાંજ નવજન્મ પામેલી માનવજાતિ એ આપણો આદર્શ છે.

તે મહાન નૂતન જન્મ અને સર્જનના કાર્યને યોગ્ય રીતે પાર પાડી શકે તેવું સુદૃઢ શરીર આધ્યાત્મિક ચેતનાના પ્રભાવ દ્વારા તૈયાર કરવું એ આપણા જીવનનું એક માત્ર ધ્યેય હોવું જોઈએ.તે આધ્યાત્મિક આદર્શ ભારતનો સદાનો લાક્ષણિક અને વિશિષ્ટ આદર્શ છે અને સૌને તે આદર્શ જીવનમાં ચરિતાર્થ કરવાની ઊંડી અભીપ્સા હોય છે.

પરંતુ સમયની વિકાસગતિ અને હાલની માનવજાતિની જરૂરિયાત તે આદર્શના કોઈ બીજા ઉપયોગી સ્વરૂપ અને વિદશાની માગણી કરે છે.મહાકાલ-પુરુષના હેતુ માટે હવે જૂનાં સ્વરૂપો અને જૂની પદ્ધતિઓ પૂરતાં રહ્યાં નથી. જે જીવન વૃદ્ધ થઈ ગયું છે, જગતથી કંટાળી ગયું છે અને જગત એ એક માયા-ભ્રમ છે એવા અર્થ ભારથી દબાઈ ગયું છે. તે આપણું આધ્યાત્મિક જીવન નથી. જે આધ્યાત્મિકતા જીવનનો ઈન્કાર કરે છે અને તેનો પરિત્યાગ કરે છે તે આધ્યાત્મિકતા આપણો આદર્શ નથી, આપણો આધ્યાત્મિક આદર્શ તો પરમાત્માની દિવ્ય શક્તિથી જીવન ઉપર વિજય મેળવવો તે છે.

જગતને પ્રભુના આવિર્ભાવના મહાન પ્રયાસ તરીકે સ્વીકારવાનું છે એટલું જ નહીં પરંતુ અત્યાર સુધી જે કંઈ થયું તેના કરતાં પણ વધારે મહાન આવિર્ભાવ દ્વારા માનવજાતિનું દિવ્ય આધ્યાત્મિક રૂપાંતર કરવાનું છે... અને સમગ્ર જીવનને યોગમય, પ્રભુમય બનાવવાનું છે.

આ જ ઉચ્ચ આદર્શને ભગવદ્‌ગીતાના મહાન વાક્ય ‘યોગસ્થ કુરુ કર્માણિ’ માં સાર રૂપે રજૂ કરવામાં આવેલો છે.

*ટૂંકમાં બધાં કર્મો આપણે યોગમાં સ્થિત રહીને, પ્રભુ સાથે એકતા સાધીને અને આપણા ‘સ્વ’ને પુરુષોત્તમની સર્વોચ્ચ ચેતનામાં સ્થાપીને, આત્માની શક્તિ વડે સંચાલિત થતાં કરણો વડે કરવાનાં છે અને અમારાં મંતવ્ય મુજબ આ બાબત માનવ માટે શક્ય છે એટલું જ નહિ પરંતુ આપણી સર્વ સમસ્યાઓ અને મુશ્કેલીઓના ઉકેલ રૂપ પણ છે જ.*

******

## આ જ સંદેશો આપણે સતત ઉચ્ચારીશું...

આ જ સંદેશો આપણે સતત ઉચ્ચારીશું અને આ જ આદર્શ આપણા નવયુવાનો અને જાગૃત થતા ભારત દેશ સમક્ષ રજૂ કરીશું... ભારત દેશ, જેણે અતિ પ્રાચીન સમયથી આ આદર્શને જાળવી રાખ્યો છે તે જ એક મહાન પરિવર્તન માટેનો માર્ગ તૈયાર કરી શકે તેમ છે,..કારણ કે ભારતદેશે દરેક વ્યક્તિ માટે આંતરિક આધ્યાત્મિક જીવનની શોધ કરેલી જ છે તેથી હવે સમગ્ર માનવ જાતિ માટે તેની સામૂહિક અભિવ્યક્તિ શોધવાની છે, અને માનવજાત માટે આધ્યાત્મિક સંઘ જીવનની સ્થાપના કરવાની છે.

ઉપરોક્ત આદર્શની ઘોષણા કરવી તે આપણું પ્રથમ લક્ષ્ય છે : આધ્યાત્મિક પરિવર્તન માટેનો આગ્રહ તે પ્રાથમિક જરૂરિયાત છે અને જે લોકો તેનો સ્વીકાર કરવા અને તેને સિદ્ધ કરવા નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન કરવા તૈયાર છે તેમને સૌને સાથે એકત્ર કરવા તે આપણુ ંલક્ષ્ય છે.

આ જ આધ્યાત્મિક સિદ્ધાંત પર વ્યક્તિગત અને સંઘ જીવનની સ્થાપના કરવી તે અમારું બીજું ધ્યેય છે.

બાહ્ય પ્રવૃત્તિ સાથે આંતર પરિવર્તનની પણ જરૂર છે અને સાથે જ તે એક આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક અને આર્થિક કર્મરૂપે પણ હોવું જોઈએ. તે કાર્યક્ષેત્ર પણ એક સાથે વ્યક્તિગત, સમૂહગત તેમજ પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તર પર અને છેવટે એકલા રાષ્ટ્ર માટે જ નહિ પરંતુ સમગ્ર માનવજાતિ માટે હોવું જોઈએ. આ કાર્યનું તત્કાલ પરિણામ એવું હશે કે તેનાથી શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક જીવનનું નવસર્જન થશે.

એક વિશાળ સામાજિક ચેતના ભેદભાવની ભાવના પર નહિ પરંતુ એકતાની ભાવના પર સ્થપાશે અને દરેક વ્યક્તિનો પૂર્ણ વિકાસ અને સ્વતંત્રતા સિદ્ધ થઈ આવશે, અને તે પણ બીજાઓ સાથેની પોતાની એકતા દ્વારા. વ્યક્તિ જનસમૂહ તેમજ માનવજાતમાં આવી રહેલા બૃહદ્ આત્માને પોતાનું સમર્પણ કરશે અને આર્થિક પ્રશ્નોના સમાધાનની શરૂઆતનું કાર્ય હાથ ઉપર ધરવામાં આવશે – પણ તે કોઈ પશ્ચિમની વિચારસરણી અનુસાર નહીં પરંતુ ભારતની પોતાની સમૂહજીવનની શૈલી ઉપર આધારિત હશે.

## ભારતમાં પોતાનામાં જ વિરાટ શક્તિ પડેલી છે

હાલના કષ્ટભર્યા તણાવમાંથી પસાર થતા ભારતને કોણ સહાય કરશે, કોણ આધાર આપશે ? તેનામાં જે હજાર નબળાઈઓ આવી રહેલી છે તેમાંથી છૂટવા કઈ શક્તિ તેને સહાય કરશે ?

માત્ર આધ્યાત્મિક અતિમાનવના આદર્શની શક્તિ જ, અતિમાનવની સંકલ્પશક્તિની પ્રચંડ શક્તિ જ માત્ર તેને સહાય કરશે, અને પ્રચંડ પ્રયત્નનો પ્રખર આવેગ કે જે માનવે અત્યાર સુધી જે કાંઈ કર્યું છે તેને વટાવી જઈને તેને દિવ્યતાની સમીપ પહોંચાડી દેશે.

ભારતને તે શક્તિ, તે બળ અને પ્રચંડ આવેગ ક્યાંથી પ્રાપ્ત થશે ?

ભારતમાં પોતાનામાં જ તે છૂપાં પડેલાં છે : ભારતમાં પોતાનામાં જ તે આધ્યાત્મિક અતિમાનવ સદ્‌ગુણની શ્રદ્ધા પડેલી છે જે ચમત્કારો સિદ્ધ કરી શકે તેમ છે, આ અતૂટ બંધનમાંથી પોતાની મુક્તિ મેળવવાની અને પૃથ્વીને પાટલે પરમાત્માની પધરામણી કરાવવાની શક્તિ ભારત ધરાવે છે. વિરાટ વિશ્વની સંકલ્પશક્તિનું રહસ્ય તેની પાસે પડેલું છે જે બીજાં કોઈ રાષ્ટ્રો પાસે નથી. આ અતૂટ શ્રદ્ધા અને સંકલ્પશક્તિનો આદર્શ તેનામાં જાગ્રત કરવાની હાલમાં તાતી જરૂરીયાત છે અને તેને લીધે જ તે પ્રયત્ન કરવા પ્રેરાશે... ''પ્રભુમાં માનવ અને માનવમાં પ્રભુ આવી વસેલા છે'' આ આદર્શ જ ભારતનો પ્રાચીનતમ સનાતન ધર્મ છે અને તે ધર્મ જીવનમાં જીવાયેલો અને આરણમાં મૂકાયેલો છે પણ હજુ સુધી આ સનાતન ધર્મનો આદર્શ રાજકારણની સમસ્યાઓ હલ કરવામાં અને રાષ્ટ્રીય પુનઃ ઉદયના કાર્યમાં ઉપયોગમાં લેવામાં આવ્યો નથી.

ભારત માનવજાતિને સહાયરૂપ થઈ શકે તે પહેલાં તેણે ઉપરોક્ત ધર્મ-કાર્ય કરવાનું છે. આ ધર્મ-કાર્યની તાતી જરૂરિયાત જ ભારતના પુનઃ ઉદયના વાજબીપણાને નિશ્ચિતપણે દર્શાવે છે અને તે જ તેનું સબળ પ્રમાણ છે.

પોતાની જાતના રક્ષણ માટે તેમજ માનવ જાતિના રક્ષણ માટેનો પ્રચંડ મહા આવેગ ભારતની પોતાની જ મૂળભૂત શક્તિ છે અને તે જ તેને બળ આપશે, શક્તિ અને સામર્થ્ય આપશે અને પ્રચંડ પ્રયત્ન માટેનો ઉગ્ર આવેગ પણ આપશે જ. માત્ર એ જ ભારતને પોતાનું પ્રભુ નિર્મિત ભાવિ કાર્ય સિદ્ધ કરી આપવા શક્તિમાન બનાવશે. (૩)

******





Integral Action



# જ્યાં મન ભયથી રહિત છે

## શ્રી રવિન્દ્રનાથ ટાગોર

ઓ મારા પિતા !
મારા દેશને જાગ્રત થવા દે.
જ્યાં મન ભયથી રહિત  છે અ
ને મસ્તક ઊંચુ રખાય છે;
જ્યાં જ્ઞાન ને મુક્તિ છે;
જ્યાં સંકુચિત સાંસારિક દીવાલોથી
દુનિયાના કકડા થયેલા નથી.
જ્યાં સત્યના ગાંભીર્યમાંથી
શબ્દો બહાર આવે છે;
જ્યાં અવિરત પ્રયત્ન પૂર્ણતા તરફ
પોતાના હાથ લંબાવે છે :
જ્યાં વિચારશક્તિનું નિર્મળ ઝરણ
નિર્જીવ ટેવની
શુષ્ક રણરેતીમાં લુપ્ત થયેલ નથી.
જ્યાં તારા વડે મન નિરંતર
વિસ્તરતા વિચારમાં
અને કર્મમાં આગળ દોરાય છે :

એ મોક્ષના સ્વર્ગમાં, ઓ મારા પિતા !
મારા દેશને જાગ્રત થવા દે.

(4)

# ISHA UPANISHAD

**ईशा वास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत् ।**
**तेन त्यक्तेन मुञ्जीथा मा गृधः कस्यस्विद् धनम् ।।**

જગતમાં જે કાંઈ જડ ચેતન વસ્તુ છે, તે સર્વની અંદર અને બહાર ઈશ્વર રહેલો છે;
માટે એ ઈશ્વર જેટલું તને આપે તેટલું તું અનાસક્તભાવે ભોગવ
અને જે બીજાનું છે તેનો તું લોભ ન કર.

*

**कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।**
**एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ।।**

પોતપોતાનાં કર્મો (ફળની ઈચ્છા વિના) કરતા રહીને જ અહીં
સો વર્ષ જીવવાની ઈચ્છા રાખવી, બીજો કોઈ આના કરતાં સારો માર્ગ નથી.
આ પ્રમાણે કરતાં, તું મનુષ્ય હોઈ તને કર્મ બંધન કરનાર થશે નહિ.

*

**असूर्या नाम ते लोका अन्धेन तमसावृताः ।**
**तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ।।**

સૂર્યના પ્રકાશ વિનાના લોકો (દુનિયાઓ) કંઈ પણ ન જોઈ શકાય
તેવા ગાઢ અંધકારથી ભરેલા છે. જે મનુષ્યો પોતાના આત્માની હત્યા કરે છે,
તેઓ મરણ પછી ત્યાં જાય છે.

**अन्धं तमः प्रविशन्ति येऽविद्यामुपासते ।**
**ततो भूय इव ते तमो य उ विद्यायां रताः ।।**

જેઓ માત્ર અવિદ્યારૂપ કર્મની ઉપાસના કરે છે,
(એટલે જેઓ કર્મમાં જ રચ્યાપચ્યા રહે છે), તેઓ ગાઢ અંધારામાં જ જાય છે
અને જેમને માત્ર વિદ્યામાં જ રસ પડે છે, તેઓ તો જાણે કે
તેથી પણ વધારે ગાઢ અંધારામાં ઊતરે છે.

*

**अन्यदेवाहुर्विद्यया अन्यदाहुरविद्यया ।**
**इति शुश्रुम धीराणां ये नस्तद् विचचक्षिरे ।।**

એ પરમ તત્ત્વ તો વિદ્યા અર્થાત્ આ જ્ઞાનથી જુદું કહેવાય છે
અને અવિદ્યા અર્થાત્ કર્મથી પણ જુદું કહેવાય છે.
અમને સમજણ આપવાવાળા બુદ્ધિમાન પુરુષો પાસેથી
અમે આમ સાંભળ્યું છે.

*

**विद्याञ्च अविद्याञ्च यस्तद् वेदोभयं सह ।**
**अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते ।।**

*અવિદ્યારૂપ કર્મ અને વિદ્યારૂપ જ્ઞાન એ બંનેને જે એકી સાથે જાણે છે,*
*તે અવિદ્યા વડે મરણને તરી જઈને*
*વિદ્યા વડે અમરપણું મેળવે છે.*

(5)

## Acknowledgements



**All passages from the writings of Sri Aurobindo and The Mother are copyright of Sri Aurobindo Ashram, Pondicherry, India and taken with kind permission of Sri Aurobindo Ashram Trust**. Their titles and captions are chosen by the editor. The photographs of flowers are copyrights of Sri Aurobindo Society, Pondicherry. The sources of the short passages in the present issue are:

1. **Complete Works of Sri Aurobindo, CWSA Vol. 6, pp 84-5**
2. **Complete Works of Sri Aurobindo, CWSA Vol. 22, pp 660,680**
3. **ભારતના યુવાનોને સાદ; શ્રી અરવિન્દ; ભારતના યૌવનને સાદ; ગુજ.અનુ. કાન્તિલાલ જોશી; પ્રકાશક : શ્રીમતી કાશીબેન મણિભાઈ પટેલ ચેરિટી ટ્રસ્ટ, પોંડિચેરી; પ્ર.આ. : ૨૦૦૦**
4. **પ્રાર્થના : ગીતાંજલિ; રવિન્દ્રનાથ ટાગોર; ગુજ.અનુ. મણિશંકર રતનજી ભટ્ટ (કાન્ત); પૃ.૩૫; પ્રકાશક : સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; ૯મી આવૃત્તિ, ૧૯૭૬**
5. **ઈશોપનિષદ; એકાદશ ઉપનિષદ; પૃ. ૧૨–૧૫; પ્રકાશક : સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; બીજી આવૃત્તિ, ૨૦૦૩**

**The Sunlit Path** is e magazine of **Sri Aurobindo Chair of Integral Studies, Sardar Patel University.** It can be viewed at the University webpage:
http://www.spuvvn.edu/academics/academic_chairs/aurobindo/

Editor: Dr. Bhalendu S. Vaishnav, Chairperson, **Sri Aurobindo Chair of Integral Studies, Sardar Patel University, Vallabh Vidyanagar, 388120, Gujarat, India.** Contact: Department of Medicine, Pramukhswami Medical College, Karamsad 388325, Gujarat, India.
e mail: Sriaurobindochair@gmail.com, sriaurobindochair@spuvvn.edu